જગદેવ પરમારનાં

નાટકનાં ગાયન*

અમદાવદ

પાનકોરને નાકે બલાખીદાસ નારણદાસે

સત્યપ્રકાસ પ્રેસમાં છાપ્યાં. છપાવી પ્રસીધ કરનાર

કીમત ૨ આના.

જગદેવ પરમારનાં નાટકનાં
ગાયન*

વિશ્વપતી અવધારે વીનતી આ.
જગત પ્રતીપાળ, હો દીન દયાળ, સહાય અમારીથા વીશ્વ.
વીપત્ત વીદારણ છો ભવ તારણ, ટાળી કરમના ઘા વીશ્વ
સંપામૃત સીંચી, સ્વદેશ પ્રીતી, કેરૂં અમને પાણીપા. વીશ્વ
નાટક કળા હું, નવીન આરંભુ, તેમાં સ્હાયજ તુંતો થા વિ

જમકારી, ધરો ધ્યાંન અરજ મારી;
સેવક બાળક ભારી, દુઃખમાં પીડાયો ધારી,
મદદ મને દો મોરારી, સંકટ વીદારી—ધરો૦
માતા મારી દૂપજ ધારી પીતાજીને ભંભેરે ભારી.
તેથી તાતજી પ્રીત વીસારી ગુસ્સો મુજ પર રાજા અપારી
મા ટે—દે—વા—રે'મ ધરીને' દુઃખ હરીદે સુખ કરી દે,
મયા કરીને સારી................................ ધરો૦

ના રડી આંખ્ય દે બગાડી;
મળશે વ્હાલા સુખરે અગાડી ના રડી૦
ધરી હામ તુજ, રાજ મહી તુંજ;
દૂર બેટા સુખ નામ દેનકો' અનાડી–ના રડી૦
કેમ ડરો? રાજકુંવર થઇ!

મન મારૂં બહુ દુખાય, આ દુઃખ પડી હાયા -કેમ૦
આમ તજે હીમ્મત મન હારી, કોમળ તનની કરો ખુવારી
એતે રીત શોભે શું સારી? ચાંલો રાજ સભા મહી-કેમ

અરે આ રીતે પુત્ર મારો દીવસ દુઃખમાં ગાળે!!
મુજ કૃપા વીણુ નીત્ય દીવસ દુખમાં ગાળે!
પુત્ર રીબાય, દુઃખી થાયા, મારી આળસથી પીડાય,
મા તે શો અન્યાય, ધીઃક મને પુત્ર દીવસ દુઃખમાં ગાળે.
નારીને વશ થઇને હું, પુત્ર મારો મુઝાવુ હું;
ન વાદ લેઉ તેની, પુત્ર દીવસ દુઃખમાં ગાળે અરે૦-
આજ દીન સકળ સુખદ સમજાય ચડતી દશા છે મારીરે,
સવળા પાસા પડ્યા માંડ્યા મનો વૃત સફળ થનારીરે.
રાજ દયા કરીને મુજપર, લેશે ખબર અમારી- આજ,
કદરદાન છો નૃપતી, આપ પુત્રની દુઃખી દશા જોઇ;
ત્યારે પ્રપંચ સહુ ખુદયો; હવે દરીદ્ર નાંખ્યા એનુ ધોઇ
રાજ પુત્રને સોભે તેવાં આભુષણુ શસ્ત્રો આપો;
નગર વીશે પણ તેની આજથી, આણ સર્વે સ્થાપો,

ખાઇ આજ રાજ કંઇ ભુલ્યા દેહ ભાન,
શંભુ જગજેતને બોલાવી દીધુ માન!
રાજનાં આભુષણો પ્રીતે આપીયાં;
આણુ પણ પુર વીશે એની થાપીયાં,

મુજથી ન ખમાય સુખ લગાર એહનુ
શોકનો જે પુત્ર મારી, તેને રાજા પ્રીતી ધારી,

બોલાવે; તે દેખી પ્રગટે જવાળ—મુજથી૦
મુજ તણો જે બાળક થાયે; રાજ્ય માલીક તે ન ગણો
હાય! એતે કેમ ખમી શકુ. હું લગાર ન ખમાય૦

આમ કરી કલ્પાંત, આંસુ ગાળી દીન વીનરાત,
તોડી નાખી તારી જાત, એનો ભેદ શુ હશે!
તુ છે રંગીલી નારી મુજ જેવો ભરથાર,
છતાં શોક અપાર, કેમ કરતી દીસે !

હાય' થર થર તન મુજ થાય,
મંત્ર જંત્રને તંત્ર લગાવી, દુશ્મન ફાવી જાય- હાય૦
સોલંકી પુત્ર શું શું કરે છે ભેદ એનો ન જણાય-હાય૦
કરશે ખરાબી ખુની થઈને એમાં શક ન જરાય- હાય૦

શાની રાણી આ શું બોલે? ખબર મને નથી પડતી કાંઈ
શુરો પુરો ને નીતી વાન, તેના વીશે વહેમજ લાઇ શાણી
રાજ પુત્ર ગાદી લાયક છે. જગદેવ જેવા ન જગમાંહી. શાણી
તેના ઉપર વ્હેશ ધરીને. આમ કરે ભોળી લોભે ગરાઇ શાણી
મુજ ગાદીનુ તેજ દીપાવે, એવી જગદેવની ચતુરાઇ -શાણી.
તેની કદર જો હું ન બુઝુ, તો વળી મારી ગણાય મુરખાઇ શા

તમે આમશું ભોળાયા મારા ભોળીઆ રાજા,
કરયું કપટ મંત્ર મારી એને ભોળીયા રાજા.
ક્યાં ગયા રાજ શસ્ત્રો તમારાં? ભોળીયા રાજા.
લઇ-અહીં આવો નહ તો જાગ્યો ભોળાયા રાજા.
પ્રેમ હોયતો મંગાવો પાછુ ભોળીયા રાજા.

નહીતો નામ નામ ન દેવું મારૂ ભોળીયા રાજા
શંભુઓને સંઘરો આમ શું? ભોળીયા રાજા.
ના હવે બોલાવો વધું મારા ભોળીયા રાજા.

જા દાસીરે, જગદેવને અહીં તું લાવ્ય,
કહેજે કે તમને તાત તમારા બોલાવેરે,
એટલે આવશે વહેલો સત્ય સાથે લાવ્ય- જા દાશીરે૦
પ્યારા સ્વામીરે, જો તમે એને રાજ્યમાં રાખશો;
તો ભુંડુંરે થશે એમાં હહાણુ નહી ગખશો;
છે કપટી એ પાકો પુરો, થયો મંત્ર બળ પોતે શુરો,
તે રાજ પડાવી લેશે એમાં શક ન રાખશો પ્યારા.

આજ આવી રાજ પીતા તણી દાશી શાને કારણે,
ખબર તેનો તો નથી, બોલાવું ઉભી છે બારણે.
ભાવો બોલાવી અહી એને હાજર કોણ છે ઠરેલમાં,
હજુર જીનાબ હાજર સેવક આ રહયો ગેલમા,
દાશી અહી તું આવ લાવ ચઠી યા છે કો તણી,

મોકલી માહારાજે મને આવી આ મહેલ ભણી.
કરચું કપટ ઓરમાન માતે, માટે મને બોલાવ્યો તાતે,
થયો દગો એમાં ભાળી, નીશ્ચે ભંડેલા છે ભારીરે,
તેથી થશે કદાપી ઘાતે, કરચું કપટ ઓરમાન માતે.
થવા કાળ હશે તે થાશે; ચાલ જીવ હવે ઉલ્લાસે,
નવ કરવું શુરા જાતે- કરચું કપટ ઓરમાન માતે.
છે ઇશ્વર બેલા તારો, હરે સંકટ એતો હજારો,

સદ ધર સારી વાતે—કરચું કપટ ઓરમાન માતે.
તે ભલા ભોળા મુજ તાત, માની અકલ એની વાત;
આજ બોલાવ્યો છે રાતે, કરચું કપટ ઓરમાન માતે
કુળદેવી રક્ષા કરજો, મારાં સંકટ સર્વ હરજો,
થવા કાળ હશે શું લેલાટ=કરચું કપટ ઓરમાન માતે.

શું પીતા ફરમાયોરે (૨) હું છું તમારો પુત્ર—શું૦
પ્રીત તમારી મુજ પર ભારી, આજ શું શરમાયો— શું૦
મુખ તમારૂ ઉદાશ દીસે, કયા એ ફરમાયો—શું૦
જે કહેવું હોય તે કહી દોને; ફોગટ ના ભરમાયો—શું૦

શુંણ પુત્ર આજે કહૂં તને જે આપ્યું મે ઇનામ;
પાછું સરવે સત્વર લાવી દે મુજને તયાંય.
કલેશ ઘણો એ માટે ઉપજ્યો આજે પ્યારા પુત્ર,
માટે લાવીદે તરકાર, લાકડા બાળી,
કહું સત્ય હાલ, નહીંતો બે હાલ,
થશે નીશ્ચે મારારે— સુણ પુત્ર પ્યારા;

પ્યારા પૂત્ર મારા કેમ દીસે તું ઉદાસ.
કોણ શત્રુરે થયો એવો? જેને દીધો ભાસ.
મને લાગે કે રાજ્ય ખીજ્યા છે અપાર,
તેથી દુ:ખી તુ એમાં શક ન લગાર.
બોલ્ય બોલ્ય બાહાદુર બેટા શંકા છોડી
કુળદેવી કરશે સરંક્ષણ શત્રુયોને તોડી..

માતાજીરે તાતે મને અરે લપાવી.

સીધું ઇનામ રાજ પડાવી;
ભર્મેયારે ઓરમાન માતે ચડાવી
જુઠું તર્કટ ખુબ જગાવી—માતાજીરે,
લાગ સાધીને સુજને તેથીરે
હો અંગે અંગારા એથીરે,
વહે અશ્રુ ધારા જેથીરે
શું કરવુંરે, જીવ ગયો અકરાઇ· માતાજીરે,
મારી ફરકે છે ડાબી આંખરે,
મને અપશુકન અહીં થાયરે,
તેથી મનડું બસ મુંઝાયરે,
માટે મનેરે દો પ્રદેશ વળાવી- માતાજીરે,
ધખરા કુ ઓરમાન માતારે,
સહુને કરે એવા ખાતારે,
ભાગ્યા ભડવીરો અકળાતારે;
પૂરો પામીરે કંઇકને રાખ ચોળાવી· માતાજીરે;

પુત્ર પ્યારા જવા નહી દઉં, તને એકલો આજ,
અંતરામાં પામે દુઃખતો, કોણ કે' ખમાજ પુત્ર૦
તારા વિયોગથી એકલી કેમ કહાડું દુ·ીન,
તરફડી તરફડીને મરૂ, જળ વોના જેમ મીન પુત્ર૦
નારી તારી નવ જીવે, તુજવીના ઘડીવાર
પ્રાણ પટકી તે મરે, હુંતો થાઉં નીરધાર, પુત્ર૦
શું રહો અહીં એકમા, પ્યારા પી દીનરાત,
જાણુછ ભેદ નહી કુ·ી, કોઇથી તારા તાત- પુત્ર૦

સમજું હું સુત મારો, વધુ શુ તને કહું,
તારા વીના દેહમાં, મુકી સ્વર્ગે જઉ- પુત્ર૦

હે શંભુ સરક્ષણ કરજોરે મારા કુંવરના કષ્ટ હરજો. ટેક
વહાલો મારા જીવનો એ છે રે આધાર;
એના વીના જાણું સરવે સંસાર છે સુનકાર;
જયાં જાય ત્યાં તેના પર કર તમારા ધરજો- હે શંભુ૦
ક્ષત્રીઓની લજયા પોતા રહી તમારે હાથ
આપ પ્રતાપે તેમનો કીર્તી મારે ચળકાટ;
નમુ નમુ મારા તાત મારા બાળ ઝાલી હાથકષ્ટો હર,૦
જો હે શંભુ૦

જય! જયા થશે તારા પુત્રનો વિજય !!
શુરો પુરો દાનેશ્વરી રણ ધીરો રાજવીર;
જયાં થશે તયાં જય પામી કાપે શત્રુનાં શીર.
તેથી થા દયાળુ રાણી તુજ નીરભય- જય.

પ્રભુ હુંતો નીરભાગી જઉછું માગાજ તાગી.
પણ પ્રીયા પીયર ગઇ છે. તેની પ્રેમ કટારી વાગી પ્રભુ૦
શુંરે થવા મા એક છે, થવા કાળ હશે તે થાશે;
હુંતો આ ચાલ્યો તારી સ્હાયજ માગી પ્રભુ૦

રાજ બાગમાં જઇએ ચાલોને બેહનો રાજ બાગમાં જઇએ.
સુગંધી પુષ્પો ખુબ ખીલ્યાં છે, વાસ મનોહર લઇએ ચાલો૦
મધુકરે ગુંજારો કરતા હશે તેપર તેને ઉરાડી દઇએ ચાલો૦
કુદરત બાહાર છે ત્યાં જોવાની તક ખોટી ન થઇએ ચાલો.

સુખ દુઃખનાં ચક્રો જગતમાં વાદળ પેરે ફરે છે
શોક હરખ એ ધરીયા તેનો પીડા જીવોને કરે છે
કેવી રતીથી મારો થઇ આજે દુઃખીઆરી,
દુઃખી જનોના છો, શરણ હરી સેવું શુખ કરો;
નથી આરો બીજો તમ વીણ પ્રભુજી દુખ હરો;
તજી સંગ આવ્યો વીપત વખત તમે કર ધરો;
દુઃખ હરા શંકરા તુંજ જય આ જગ કરો.

વૃક્ષ વેલના જોડી જોને બેની કેવી સોભે છે!
નવીન કુસુમની જોબંનવંતી પેલી દેખ વૃક્ષની,
નવ પલ્લવના આસ્રૃત રૂથી પ્રીતો કરતા સોભે છે. વૃક્ષ
ફરકે મુજ ભુજ શીદ આતે, ફળ શું પ્રાપ્ત થશે આંહીયાંતે
પુત્ર પુન્યનાં જે કૃત કીધેલ તે સર્વે આ સ્થળે નક્કી,
ફળશે એ ઇશ્વરી અદ્ભુત કળા—

જય ભુપાલ કીર્તીવંતનો થજો,
ભૂમી લક્ષ્મી પાદ પ્રેમ સેવજો
વંદે સરવ છોડી ગઇ ભુપને પ્રજા,
રાજાનાં પ્રભુ કષ્ટ કાપજો;
ઇચ્છીત ફળ પુરૂં આપજો— જય૦

સ્વાગી આજે શીદ અહીં આવ્યા હશે?

કંઇ વીઘ્ન થયું તાત ભુવનમાં અચાનક માતના છળ થકી
અતી પીડીત બની નીકળ્યા હશે સ્વામી૦
ભયભીત કલ્પનાઓ ઉઠે મનમાં નીરુપ નવ થાપે.

હાય જણાતુ નથી કે ભેદ આનો શો કરી સ્વામી૦

મન મારૂં પ્રાણુ પ્યારી પીરાય,
પીયા જવું છે જરૂરી- પ્રાણુ;
કર શું હું મધુરી- પ્રાણુ મન,
ધરના ત્યું જરાએ ઉદાસી,,
રજા મને તું દે થઇ ઉઃદાસી પ્રીય,
દુર કેમ થઉ આપ થકી પ્યારા પ્રાણુનાથા,
મલ્યાગીરી ચંદન સાથે જેમ નાથ,
તેમ આવી સાથ પીયું વીયોગ ન ખમુ.
મારો ધરમ શું છે? તે હૃદયમાં વિચારી.
સાથે હ્યો પીયુ પ્રીત વધારી- નારી,
મારી પુત્રી શાણી શીખાવે પતીના! તુ પ્રીતથી,
કરજે શેવા શાંણુ સમજાણી શુભ રીતથી.
સહી કષ્ટો આપ અપાર પતીને સુખથી,
રાખવા નીત્ય દઇ બેન ધીર દુખ વિમુખથી,
બાઇ અમને સાથે લોંગોરી,

આપ વીના અમને ન ગમશે, કરશું શેવા સાર,
સંગે તમારી સુખે રહીને, કરશું ફળા હાર- બાઇ૦
પ્રીત તમારી વીસરતી નથી, આવે બહુ બહુ યાદ,
અશ્રુપાત કરીને નહીતો, બેની કરશુ વાત- બાઇ
સ્હાય થજો જગત કર્તા સંકટ સમે- સ્હાય૦
વીકટ નીકટ જે વનનાં દુઃખોથી અમ ડરતાં- સંકટ૦

જય સ્વામી છો ગુણ ધામીસેવકની બીડ હરતા સંકટ૦
સ્થળ જળ ચંદ્ર સુર્ય તારાઓને છે તું કરતા- સંકટ૦
દુઃખમાં ડુબી મરીએ અમે, તોએ પડે ધોખ શીરતા સં૦
મળી મળી વંદીએ તુ વિશ્વેસર, બચાવી દો મરતા સં૦

આ કેવું મનોહર વનરે (૨)
જોતાં જીવને શાન્તી ઉપજે, ગતી દશાની ગહનરે-આ૦
શીતળ સુગંધી વાયુ વાયે, હરખે મારૂ મનરે— આ૦
અમૃત સમ પાણી આ શરખાં, પીઉ મન ઉમંગરે- આ૦
સસલાં બગલાં કેવાં સોભે. ધન્ય દનરે ધનપરે- આ૦

મનડું બળે, નાથ હજુએ નાંવ્યારે
વન મોઝાર. નીરાધાર, હું ભરથાર,
ડરૂં અપાર, આપ દરશન વીનારે
ભય અતી મને લાગે પીયું મારારે
લેવા ભાળ આવો તતકાળ, ઉઠે જવાળ,
થશે કાળ= વીના આપ પ્યારારે- મનડુ

ચંદ્ર વદની ચતુરા આતે ચિત્ત ચોરી મારૂરે,
મધુર મનોહર વાણુથી હરખે હૈડું માહરૂરે,
ભમર મેઘ ધનુક્ષ સમ શોભે, આશક મન હરનારરે
ચક્ષુ કેરા કામ કટાક્ષે દીલ દુઃખ વીસારૂરે૦
ચાહું તન મન ધનથી એને મનાવું માનેતો સારૂરે
નહીતો પછી હરણ કરવુ કોણ હયાં જોનારુરે

રંગીલી રસીલી એ મધુર સુંદરી !

કયાંથી અઘોર વન વીચે આવી ઉતરી,
ચાલ ચાલ સાથ મારી ડર પર હરી !
વાઘ વરુ વસે અહીં જાન લે જરી !
બચાવી મુને આપ બહુ ઉપકાર કીધો,
દુઃખીને થવા સારૂ જન્મ આ લીધો;
ખરો આભાર મુજ પર સુરા સરદાર કીધો,
બજાવ્યો ધર્મ ને જશ બ્યાલો મૈં પીધો.

નથી કુ સુખાં દુઃખી છું રાજ કુંમારી,
પામી દેશાવટો પતી સાથે કર વિંદરામાં.
પતી ગયા પાળ પર બેસારો પુરમાં
રહી એકલી સરોવર પાળ દુઃખી પતી ઉરમાં
કોને સરણે જાઉ કરો કોની આશા
નશીબ મારામાં લખેલી ફકત છે નીરાશા;
રોઇ રોઇ રહીશુ જીવથીજ જઈશું—

ફૂટ નફ્ટ ચંડાળ દુર દુર— કપટ ભેદ જાણ્યો તારોરે.
મારી સામો નવ ઉભો રહે દુર — કપટ૦
તારા રોમ રોમ પડશે જીવ — કપટ૦
કરો રક્ષણ સતીનું હે શીવ — કપટ૦
આવી કસાઇ જાણીતી તારી જાત — કપટ૦
તોનો પુરો ત્યાંનો ત્યા તું થાત — કપટ૦
નવ સમજતો આતે નાંચી નાર — કપટ૦
શમી બાળા તારૂં શીર કાટનાર— કપટ૦
લે સંભાળી લે હવે તારા પ્રરા — કપટ૦

મારો કટારને છેદું તારૂ શીરઃ— કપ૨૦

ચુપ ચુપ હવે જાણ્યુ તારૂ જોર- છાનીમાંની તું માની જાનેરે.
દર્શન તારૂં ઝટ દે મુજને,
એક ઘડીમાં ઉતારૂ હવે તોર. છાની૦
ધરી પ્રેમ બોલાવુ દઇ માન ॥ છાની૦
તેમ તેમ આવે મન અભીમાન- છાની૦
તારૂ ગજું શું જે સામે થનાર છાની૦
નહીતો જુલમથી હેઠી નાખનાર- છાની૦
જાણી જાણી તારી જાણી અમે જાત છાની૦
નહીંતો થશે જોયા જેવી અક્ષી વાત— છાની૦

ચુપ પાપી ચુપ મને વધુ શું સતાવેરે
પ્રપંચ તારો નહી હવે જરી ફાવેરે
જોને તને નાંખુ હેઠો આવ્યો હવે દાવરે
કેમ છટકીને નાસે શરમ ના આવે રે
જુંડી રાંડ આ શું કીધુ અરેરે હાય !
લાસ આની નજરે જોતાં થથરે કાય
કપટી ભુડી તું કોઇ ડાકાણી સાપીણીરે,
કર્મ કીધુ આશુ અરે દુષ્ટા થઇ પાપણીરે
રાજ કચેરીમાં દોરાવું હું તને રે
કેદમાં સળાવી કાંટા ચાલુ તનેરે.

દીશા સૂન્ય વેરાન લાગે ચ્હેન લેશ પડે નહીં;
બાણુકાગ ચો તરફ વાગે મનને ધીરજ રહે નહીં.
અંધારૂ જો છવાય સંધ્ય કાળ રાત્રી સમી દીસે;

અનેક થાય ઉચાટ ઉર મુઝાય આજે અરે અહી.

પ્યારી મારીરે, ક્યાં તું ગઇ છું હાલ- પ્યા૦
પીડાઉ વીયેગથી ભારીરે- પ્યારી માર રે૦
અખળી અભી આમ કરીને,
શીદ મુઝાવે વારો વારીરે- પ્યારી મારીરે૦
શા કારણથી કહેને રાસાઇ,
હવે રહ્યો તારાથી છેક હારીરે-

નથી નથી આતો કોઇ મોત્ર છે દાનરે- નથી૦
હોય કદાપી તો કેમ ન બોલે
સહુણી નવ કરે નાથને હેરાનરે= નથી૦

સ્થીતી આ શી મારીર
ઓ યાર! હૈયા હાર!
આ મન મસ મુઝાય, અતી દુઃખ થાય સ્થી૰
નારી વીરહે તન સુકાશે, આશાભંગ થાશે સઘળી
પ્રાણ પ્રાણ પ્રાણ રહેશે કેમ ટકી પ્રાણ.
હાય થશેજરે હાનીજ શી દશા થવાની સ્થી૦

પ્રોય મોત્ર ધીરજ ધારી, તું ગભરાઇશ ન ભારી—
જેવી પાહાડશીંહની પ્રીતી, છે તેવીજ મારી રીતી,
તુજ શત્રુ નાંખુ સંહારી• તુ ગભરાઇશ ન ભારી
કદી હોય પાટવી રાજ, ઝટ તોડી એની માઝા,
કરૂં શીક્ષા એને સારી- તું ગભરાઇ ન ભારી.

યશ ગાજી રહ્યા યુગમાં નૃપનોળી પ્રોઢ પ્રતાપ વધો ભુપને

સુમતી પ્રસંગે દીલમેં અર્તાથે મન બીના રહ્યા શુભ જ્ઞાન વીને
દ્વિજ ગોપતાં પાલન છો નૃપતી, નીજ રઈયતની હણતાં વીપતી
પ્રભુ આપ તણી ચઢતી કરશે હણી શત્રુને શંકટ હરશે,

હે પ્રદેશીજન તું, શા કારણથી ઉદાસમાં રહે છે.
શું કારણ તેનું છે, નીરભય થઈને તું સરવ કેહુને.

સુણો નૃપતી મુજ વીનતી વીદેશ વાસી હું છઉ
આ નગરમાંહી આવતાં "પ્રીયા હરણ"થી દુઃખી થઉ;
હું ગામ જોવા આવીયો સરપાવ મુકી એહને;
જોળી ભામને હું ત્યાં કને લેવા ગયો તેહને.
ત્યારે નહાતે ત્યાં મળે ચારે દીશા રખાડી મેં
હતી રાત્રી અઘોર પણ નવ દીલ વીશે ડરયો.
તેથી વધી વ્યાધી અતી મુજ અંગ વીષે ભુપતી,
તે નીવારશો કૃપા કરી એવી આશ છે મુજને અતી.

શીર છત્ર સુણો સીંહરાજ વાત કહું શાચી
હું હતી સરોવર પાળ રમતમાં રાચી
બેઠાતી એકલી પતી નગરમાં મારા,
ગયા હતા નગરમાં વાશ જોળવા પ્યારા
ત્યાં આવી પાપી કહે પ્રપંચથી એવું
કે વરો અતી અહીં વાધ વરૂ નવ રેહેવું;
માટે મુજ સાથે ચાલો તમે હે નારી.
તમ નાથને માટે મોકલીશ દાસી મારી.
એ પ્રપંચ પહેલાં જાણ્યો નહી તલભારી,
પણ સંધ્યા સમયે ફુટી પાપની બારી;

મુજ શીયળ તજાવવા વીચાર એને ધરાદો
કુરપો જુલમ તેથી કટારથી મેં માર્યો.

ધન્ય ધન્ય છે ધન્ય તનેરે અહો સતી નારી,
શીર સાટે સાચવ્યુ શીયળ એ તુંજ ગુણની બલીહારી
કરી પાપીને શીક્ષા એમાં વાંક નથી તારો,
પણ આપુ સાબાસી સતી નહી કોઇ તુલ્ય તારી– ધન્ય૦

જય તુજ જગતમા જનમો, રીક્ષા દુઃખ શીર સાટે.
પણ નહી આડા વાટે, ગઇ શીયળ સાચવ્યુ માટે.
સુખ સદાએ પામો.................... જય૦
પતીવ્રતા તુ પુરી પ્યારી, ધન્ય છે ધીરજ તારી,
થયા સહાય ત્રીપુરારી, ક્ષત્રીની ખરી હામો= જય

સીદ્ધરાજ થોડા સમયમા સર્વ તજી સ્વર્ગે જશે,
ત્યારે અરેરે હાય દઇવ રાજ્યનુ રે શું થશે?
આણી કરા અપાર નીત્યે ભોગ કોણ આપશે
કરો રક્ષા હે દીન દયાળ કષ્ટ કોણ એનાં કાપશે !

જગદેવ સુરો તુ પુરો કષ્ટ મારાં ચુરો તુ કરનાર,
ધન્ય જનેતા તારી, નહી તુજ સમ મુજ માટે મરનાર
ભાઇરવને પણ ભાગી, ત્યાગી સૌની ચીંતા હે બાહાદુર
નેકી ટેકી વાળો તારા સમ નહી અવનીમાં શુર
રાજ કાજ સૌ સોપ્યુ વિશ્વાસેથી કરજે સારાં કામ
ન્યાય પ્રજાને આપી. મેળવી લેજે અમ્મર કીર્તી નામ
વીર વીજાઇ તુ પુરો. નેકી ટેકી પાળે શુરો ।

તમ સમ નહી ન્યાં ક્યાંઇ જોયા,

જન હિત વિષે તન મન ખોયા;
અહી સર્વે કર ધરીને રોયા;
શુભ ધર્મ થકી ગન ગણ ધોયા,
છે વાણી મધુર પ્રીય કરી,
જન મંડળનું ચિત્ત હરનારી.

સમાપ્ત